## ડૉ. દર્શિતાબેન શાહ માન.ધારાસભ્યશ્રી ૬૯–રાજકોટ પશ્ચિમ

## શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની માંગણી પર ચર્ચા

માન.અધ્યક્ષશ્રી,

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ અંતર્ગત વર્ષ ૨૦૨૪–૨૫ની પૂરક માંગણી ક્રમાંક–૧૦૨ ઉપર હું મારા વિચારો રજૂ કરું છું.

માન.અધ્યક્ષશ્રી,

સૌ પ્રથમ તો વિધાનસભા ગૃહના નેતા તેમજ મૃદુ અને મક્કમ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તેમજ વિકસિત ભારત @2047 ને લક્ષ્યમાં રાખીને વિકસિત ગુજરાત @2047ના નિર્માણ માટેના રોડમેપને નક્કી કરતું, કોઈ પણ વેરાના દરમાં ફેરફાર કર્યા વગર તેમજ નવા કોઈ પણ વેરા નાંખ્યા વગર અત્યાર સુધીનું મહત્તમ રૂા.૩ લાખ ૩૨ હજાર ૪૬૫ કરોડનું બજેટ રજૂ કરવા બદલ ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું.

માન.અધ્યક્ષશ્રી,

શહેરી વિકાસની અનુદાન માટેની જે પૂરક માંગણી ૧૦૨ છે તેમાં સ્વચ્છ ભારત મિશન અંતર્ગત મારા વિચારો રજૂ કરું છું.

માન.અધ્યક્ષશ્રી,

આપણે જો ભારતને સ્વસ્થ ભારત...સમર્થ ભારત...શ્રેષ્ઠ ભારત...બનાવવું હોય તો સ્વચ્છ ભારત ફરજિયાત છે.

"સ્વચ્છ ભારત કા ઈરાદા
ઈરાદા કર લીયા હમને...
દેશ કો અપને યે વાદા હે...
વાદા કર લીયા હમને....

कुदरत धरा का हर एक नज़ारा
नदियाँ पहाड़ गगन बनाती
अद्भुत स्थान सुविधाएं दी
प्रकृति ने ~~गगन का अस्थायी~~,
शिक्षा का संदेश ~~बाँध~~ का पहनावा
स्वच्छता आत्मनिर्भरता का प्रतीक
~~बहुराष्ट्र~~

पर्यावरण संरक्षण का उत्कृष्ट उदा(-)
धरा की अनुपम छवि बनाती
~~पेड़~~ पेड़ों की बढ़ाता है
शृंगार की अवसर बढ़ाती

**શહેરી વિકાસ વિભાગના બજેટ સંદર્ભે માન. ધારાસભ્ય શ્રી દર્શિતાબેન શાહનો અનુમોદન પ્રસ્તાવ (1300 શબ્દો)**

**માનનીય અધ્યક્ષશ્રી,**

માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાહેબના નેતૃત્વમાં આપણા નાણામંત્રીશ્રી કનુભાઈ દેસાઈ સાહેબે **GYAN** એટલે કે ગરીબ, યુવા, અન્નદાતાઅને નારીશક્તિને કેન્દ્રમાં રાખીને સર્વસમાવેશી વિકાસ અને સુમેળભર્યા સમાજને બળ આપતું બજેટ રજૂ કર્યું છે, તેને હું આવકારું છું.

**માનનીય અધ્યક્ષશ્રી,**

ગુજરાત એ ભારતનું સૌથી વધુ ઔદ્યોગિકીકરણ અને શહેરીકરણ ધરાવતું રાજ્યો પૈકીનું એક છે. ગુજરાત છેલ્લા બે દાયકાઓમાં નોંધપાત્ર શહેરીકરણનું સાક્ષી બન્યું છે.

માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે – **અર્નીંગ વેલ એન્ડ લિવીંગ વેલ**–ના સૂત્ર સાથે વિકસિત ગુજરાત એટ ટ્વેન્ટી ફોર્ટી સેવનના વિઝનને સાકાર કરવાનું લક્ષ્ય રાખ્યું છે.

આ માટે શહેરી આયોજન અને વહીવટમાં ગુણાત્મક સુધારા થાય એ આજના ઝડપથી વધતા જતા શહેરીકરણની માંગને ધ્યાનમાં રાખીને મુખ્યમંત્રીશ્રીએ વિકસિત ગુજરાત એટ ટ્વેન્ટી ફોર્ટી સેવન ડોક્યુમેન્ટ લૉન્ચ કર્યું છે. આવું આગોતરું આયોજન કરનાર દેશનું પ્રથમ રાજ્ય છે.

આજે 50 ટકાથી વધુ લોકો શહેરોમાં વસવાટ કરી રહ્યાં છે. વર્ષ ૨૦૪૭ સુધી વધીને 70 થી 75 ટકા સુધી પહોંચે તેવી ધારણા આ વિઝન ડોક્યુમેન્ટમાં અને બજેટમાં રજૂ કરવામાં આવી છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

શહેરો લોકો માટે વસવાટ જ નહી પરંતુ આર્થિક વિકાસના કેન્દ્રો પણ છે. શહેરોના આયોજનબદ્ધ વિકાસ દ્વારા ઈઝ ઓફ લિવિંગમાં વધારો કરવા સરકાર દ્રઢ નિશ્ચયી છે.

મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં શહેરોના વિકાસને ગતિ આપવા અને નાગરિકોની સુખાકારી વધારવા સુઆયોજિત શહેરી વ્યવસ્થાપન માટે નવસારી, ગાંધીધામ, મોરબી, વાપી, આણંદ, મહેસાણા અને સુરેન્દ્રનગર–વઢવાણને નગરપાલિકામાંથી રૂપાંતર કરી મહાનગરપાલિકાનો દરજ્જો આપવાનો ઐતિહાસિક નિર્ણય આ વર્ષના બજેટમાં થયો છે.

મુખ્યમંત્રીશ્રીએ શહેરોને આર્થિક રીતે ગતિશીલ, જીવંત, રહેવાલાયક અને પર્યાવરણની દ્રષ્ટિએ ટકાઉ તેમજ સક્ષમ બનાવવા "ઈઝ ઓફ લિવિંગ" ધ્યાનમાં રાખ્યું છે.

[illegible]

લોકલાડીલા વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં પાછલા બે દાયકામાં ગુજરાતના શહેરીકરણમાં 360 ટકા)

મુખ્યમંત્રીશ્રીની આ નેમ પાર પાડવા શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ માટે આ વર્ષે 10 ટકાથી વધુનો માતબાર વધારો કરીનને કુલ રૂ. ૨૧,૬૯૬ કરોડની જોગવાઈ નાણામંત્રીશ્રીએ કરી છે.

રાજ્ય સરકાર હાલમાં શહેરોમાં માર્ગો, પુલો, પાણી પુરવઠો, ગટર–વ્યવસ્થા, આરોગ્ય અને પરિવહન જેવી માળખાકીય સગવડોને દિવસેને દિવસે વધુ સુદ્રઢ કરી રહી છે.

શહેરી વિસ્તારમાં જળવાયુ પરિવર્તનના પડકારો સાથે પ્રાકૃતિક આપદાઓ તેમજ અગ્નિશમનની સેવાઓ પૂરી પાડવા તંત્રની ક્ષમતાને વધારવામાં આવી રહી છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

રાજ્ય સરકારે ઇન્ફોર્મેશન ટેકનોલોજીની મદદથી વિવિધ યોજનાઓનો અસરકારક અને પારદર્શી રીતે અમલ કરી સ્થાનિક શહેરી સંસ્થાઓનો વહીવટ વધુ સુદ્રઢ બનાવવાનું આયોજન કર્યું છે. શહેરી વિસ્તારોની કામગીરીમાં આઈ.ટી.નો ઉપયોગ કરી તંત્રને સુદ્રઢ બનાવવા વિશેષ કેડરના વિસ્તરણ અને પુનઃરચના માટે રૂ. ૧૪ કરોડની જોગવાઈ કરી છે.

આ બજેટમાં ટાઉન પ્લાનિંગ અને બાંધકામ નિયમોના અમલીકરણ માટે કમ્પ્યુટર આધારિત વ્યવસ્થા તંત્ર વધુ મજબૂત કરવાનું આયોજન છે.

## સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના

**માનનીય અધ્યક્ષશ્રી,**

ગુજરાત રાજ્યની સ્થાપનાના 50 વર્ષની ઉજવણીના ભાગરૂપે અને વધતી જતી શહેરીકરણની ઝડપ અને તેમાંથી ઉપસ્થિત થતા પડકારને પહોંચી વળવા, રાજ્યના સર્વાંગી વિકાસ માટે આપણા લોકલાડીલા વડાપ્રધાનશ્રી અને તત્કાલીન મુખ્યમંત્રી શ્રી માનનીય નરેન્દ્રભાઈ મોદી સાહેબની આગેવાનીમાં વર્ષ 2009માં **સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના** અમલમાં મૂકવામાં આવી હતી.

વર્ષ 2009–10 થી 2023–24 સુધીમાં કુલ રૂપિયા 54,885 કરોડ જેટલી મતદાર રકમની જોગવાઈ આ યોજના અંતર્ગત કરવામાં આવી છે

**માનનીય અધ્યક્ષશ્રી,**

આ યોજના અંતર્ગત મહાનગરપાલિકા અને નગરપાલિકાઓમાં રૂ. 48,736 કરોડના 2,84,340 કામોની વહીવટી મંજૂરી આપવામાં આવી છે.

આ પૈકી 1,21,2001 કામ પૂર્ણ થયા છે અને 1,20,034 કામો પ્રગતિમાં છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં સ્વર્ણિમ જયંતિ શહેરી વિકાસ યોજના થકી શહેરી વિસ્તારમાં માળખાકીય સગવડો વધુ વ્યાપક અને સુદ્રઢ થઈ રહી છે. આ માટે રૂ. ૮૬૩૪ કરોડની જોગવાઈ નાણામંત્રીશ્રીએ કરી છે.

આ યોજના અંતર્ગત મુખ્યમંત્રીશ્રીએ ભૌતિક અને સામાજિક આંતરમાળખાકીય સુવિધાઓ, શહેરી પરિવહન, વગેરે જેવા વિકાસકાર્યોના આયોજનનથી શહેરની આગવી ઓળખ ઊભી કરી રહ્યાં છે.

શહેરી સ્થાનિક સંસ્થાઓને નાણાકીય સહાય પૂરી પાડવા માટેની યોજના હેઠળ રૂ. ૩૦૪૧ કરોડ અને અમૃત ટુ પોઈન્ટ ઓ (2.0) હેઠળ પાણી પુરવઠા, ડ્રેનેજ સિસ્ટમ, તળાવોના વિકાસ, પરિવહન વ્યવસ્થા વગેરે માટે રૂ. ૨૦૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

મારે આ સદનના માધ્યમથી એ વાતનો પણ ઉલ્લેખ કરવો છે કે, તાજેતરમાં ૬ નગરપાલિકા વિસ્તારમાં ખાનગી સોસાયટી જનભાગીદારી યોજનાનાં ૧૦૯ કામો માટે રૂ. ૧૦.૭૭ કરોડની ફાળવણી માટે મુખ્યમંત્રીશ્રીએ સૈદ્ધાંતિક મંજૂરી આપી છે.

સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અન્વયે ખાનગી સોસાયટી જનભાગીદારી યોજનામાં રાજયની મહાનગરપાલિકા-નગરપાલિકાઓમાં અત્યાર સુધીમાં ૪૨,૭૨૬ કામો માટે રૂ. ૩૬૯૨.૪૨ કરોડની મંજૂરી આપવામાં આવી

1

## નિર્મળ ગુજરાત 2.0

**માનનીય અધ્યક્ષશ્રી,**

તત્કાલિન મુખ્યમંત્રીશ્રી અને હાલના માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ વર્ષ ૨૦૦૭માં નિર્મળ ગુજરાત યોજના શરૂ કરી હતી. તેમના જ દિશાદર્શન અને નેતૃત્વમાં મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મજયંતિના વર્ષે સ્વચ્છ ભારતના રાષ્ટ્રવ્યાપી અભિયાનની શરૂઆત થઈ છે.

માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની સરકારે સ્વચ્છતાને દરેક ઘર, ગામ અને શહેરનો મૂળ મંત્ર બનાવી સંપૂર્ણ રાજયને સ્વચ્છ અને સુઘડ બનાવવાની નેમ રાખી છે.

મુખ્યમંત્રીશ્રીની આ પ્રતિબદ્ધતાને વેગ આપવા માનનીય નાણામંત્રીશ્રીએ **નિર્મળ ગુજરાત ૨.૦** અભિયાનની બજેટમાં જાહેરાત કરી છે તે વિઝનરી પગલું છે.

આ અભિયાન અંતર્ગત ઘન અને પ્રવાહી કચરાને એકત્ર કરી પર્યાવરણીય દ્રષ્ટિએ યોગ્ય ધોરણે નિકાલ કરવા માટે વિવિધ યોજનાઓ થકી વ્યવસ્થા કરી લોકસહકારથી તેનું અમલીકરણ કરવાનું રાજ્ય સરકારનું આયોજન છે.

આ માટે નાણામંત્રીશ્રીએ ચાલુ વર્ષના રૂ. ૧૩૦૦ કરોડના બજેટમાં ધરખમ વધારો કરીને, આગામી વર્ષે રૂ. ૨૫૦૦ કરોડની જોગવાઇ કરી છે તે સરકારની પેયજળ અને સ્વચ્છતા અંગેની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

### સ્વચ્છ ભારત મિશન–અર્બન

સ્વચ્છ ભારત મિશન–અર્બન અંતર્ગત રાજ્યના સુરત મમહાનગરપાલિકાને તાજેતરમાં જ સૌથી સ્વચ્છ શહેરનનો એવોર્ડ પ્રાપ્ત થયો છે.

### સ્માર્ટ સિટી મિશન

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાહેબ શહેરોને લિવેબલ અને લવેબલ બનાવવાના માટે સતત કામ કરી રહ્યાં છે.

કેન્દ્ર સરકાર દ્વારા સ્માર્ટ સિટી મિશન અંતર્ગત પસંદગી પામેલા અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, ગાંધીનગર અને દાહોદ એમ 6 શહેરોને સ્માર્ટ સિટી બનાવવા માટે રાજ્ય સરકાર 11 હજાર કરોડ રૂપિયાના 351થી વધુ પ્રોજેક્ટનો અમલ કરી રહી છે.

આ 351 પ્રોજેક્ટ્સમાંથી 309 પૂર્ણ કરી દીધા છે, માત્ર 42 પ્રોજેક્ટ જ પ્રગતિમાં છે.

અમદાવાદ અને સુરત શહેરમાં ગુજરાત મેટ્રો રેલ પ્રોજેક્ટ માટે રૂ. ૧૮૦૦ કરોડની જોગવાઈ કરીને શહેરી પરિવહન સુવિધા સુદ્રઢ બનાવીને નાગરિકોમાં ઇઝ ઓફ લિવિંગ સરળ કરવા રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે.

### અન્ય સુવિધાઓ

મહાનગરપાલિકા–નગરપાલિકાઓની મિલકતોને પુન: પ્રાપ્ય ઊર્જા સ્ત્રોતો દ્વારા સંચાલિત કરવા, એનર્જી ઓડિટ કરાવવા તેમજ મોડલ ફાયર સ્ટેશનો વિકસાવવા તથા નવા સાધનોની ખરીદી, દેખરેખ અને નિભાવ, તાલીમ અને સતત ક્ષમતા વિકાસ તથા આધુનિકીકરણ માટે કરોડો રૂપિયાની જોગવાઈ કરીને શહેરી સુવિધાઓને નવી દિશા આપવાનું રાજ્ય સરકારનું આયોજન છે.

માન.અધ્યક્ષશ્રી,

આજે ભારત વૈશ્વિક મહામંદીના માહોલમાં પણ સફળતાપૂર્વક G-20 અને ગ્લોબલ વાઈબ્રન્ટ સમિટ કરી શકતું હોય, અવકાશ ક્ષેત્રે પણ ચંદ્રયાનના માધ્યમથી વિશ્વમાં નામ રોશન કરી શકતું હોય તો સ્વચ્છતાની બાબતમાં આપણે પછાત રહીએ તે કેમ ચાલે?

માન.અધ્યક્ષશ્રી,

વિનાશમાંથી વિકાસ અને આપદાને અવસરમાં ફેરવવાની કુનેહ ધરાવતા આપણા લોકલાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ૨ ઓક્ટોબર–૨૦૧૪થી **SBM**ની શરૂઆત મહાત્મા ગાંધીજીના સ્વચ્છ ભારતના સ્વપ્નને પૂર્ણ કરવા માટે કરવામાં આવી. દિલ્હીના રાજઘાટ પરથી ઘોષણા કરીને ભારતના એક માત્ર એવા વડાપ્રધાન કે જેમણે ભારતને સ્વચ્છ બનાવવા પોતે હાથમાં ઝાડુ લઈને **SBM**ને એક જનઆંદોલન બનાવ્યું. ૬ લાખથી પણ વધુ સરકારી અધિકારીથી લઈને વિદ્યાર્થી સુધીના લોકો ‘‘એક કદમ સ્વચ્છતા કી ઓર’’ સાથે આ જનઆંદોલનમાં જોડાયા.

માન.અધ્યક્ષશ્રી,

૨ ઓક્ટોબર–૨૦૧૯ મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતિને સમગ્ર ભારતને ખુલ્લામાં શૌચક્રિયા મુક્ત જાહેર કર્યો અને સમગ્ર ભારતમાં ગુજરાત રાજ્ય સૌ પ્રથમ ૧૦૦ ટકા **ODF** જાહેર થયેલ. બહેનો–દિકરીઓને ઈજ્જતનું ઘર અપાવ્યું. ૨૦૧૪ પહેલાં ૩૯ ટકા શૌચાલય સામે ૯ વર્ષમાં ૧૦૦ ટકા શૌચાલય.

માન.અધ્યક્ષશ્રી,

૧ ઓકટોબર-૨૦૨૧ના રોજ નવી દિલ્હી ખાતેની **SBM** .............૨-૦ લોન્ચ કરવામાં આવેલ. જેનો સમયગાળો ૨૦૨૧-૨૦૨૬ સુધીનો રહેશે અને જેમાં ''ના ગંદકી કરેંગે ઔર ના ગંદકી કરને દેંગે'' સાથે ૧૦૦ ટકા સફાઈ....ઘરે ઘરે કચરાનું એકત્રિકરણ, વર્ગીકરણ, વૈજ્ઞાનિક ઢબે નિકાલ, સસ્ટેનેબલ સેનીટેશન, સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ **IBC Capacity building**નો સમાવેશ કરવામાં આવેલ છે.(કંસ્ટ્રકશન એન્ડ ડીમોલેશન વેસ્ટ મેનેજમેન્ટ)

માન.અધ્યક્ષશ્રી,

મને જણાવતાં ખૂબ આનંદ સાથે ગર્વ થાય છે કે ૧૬૫ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓના ૧૩૮૪ વોર્ડમાં ૧૦૦ ટકા ડોર ટુ ડોર કલેકશન થાય છે અને તેમાંથી ૮૪ ટકા કચરાનું પ્રોસેસીંગ થાય છે. જે પ્રોસેસીંગ ૧૦૦ ટકા સુધી કરવાનું આયોજન છે.

માન.અધ્યક્ષશ્રી,

ભારતમાં વૈશ્વિક મૂડી રોકાણ તેમજ વિદેશી પર્યટકોને આકર્ષવા પણ સ્વચ્છતા જરૂરી છે. પૂજ્ય ગાંધીજી હંમેશા કહેતા કે સ્વતંત્રતા કરતાં પણ વધુ સ્વચ્છતા જરૂરી છે.

''સ્વચ્છતા ત્યાં પ્રભુતા'' સમગ્ર ગુજરાત માટે ગૌરવની વાત છે કે સુરતે સમગ્ર ભારતમાં **7** સ્ટાર રેટીંગ સાથે પ્રથમ સ્થાન મેળવ્યું છે. જ્યારે અમદાવાદ, ગાંધીનગર, બરોડા, રાજકોટ, જામનગર **3** સ્ટાર રેટીંગ ધરાવે છે.

માન.અધ્યક્ષશ્રી,

સ્વચ્છ ભારત મિશન ૨.૦ને ચરિતાર્થ કરવા માટે માન.મંત્રીશ્રી ~~મહેસૂલી વસૂલમાં ૯૫૩.૬૯, મૂડી વસૂલમાં ૨૩૮.૩૪ કરોડ~~ની જે પૂરક માંગણીઓ લઈને આવ્યા છે તેમને હું સમર્થન આપું છું અને સન્માનીય ગૃહને મંજૂર કરવા માટે વિનંતી કરું છું.

માન.અધ્યક્ષશ્રી,

અંતમાં.... તેજોમય ભારતીય સમાજની નવરચના માટે સ્વચ્છતાની જ્યોત આપણા દરેક ભારતીયના દિલમાં પ્રજવલિત રહે તે માટે સૌ સાથે ~~મળી~~ને સંકલ્પ કરીએ કે... સ્વચ્છ હોગા ભારત સારા સ્વચ્થ.. દેશ હમારા... મિલજુલ કર કામ કરેંગે... દેશકા ઉંચા નામ કરેંગે...ઘર ઘર ખુશહાલી હોગી... રાત મહીં કોઈ કાલી હો... બેટા બેટી એક સમાન ફીર ચમકેગા હિન્દુસ્તાન આઓ મિલકર કરે વિચાર સાફ સુથરા હો હમારા દ્વાર.....